# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 05-04-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે.
- ✓ ચૂંટણી પંચ ગુજરાત સહિત 11 રાજ્યોના મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરો અને પસંદગીના જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક યોજશે – ઓછા મતદાન મુદ્દે ચર્ચા કરશે.
- ✓ કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાંથી ત્રણ ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરી છે.
- ✓ આજે રાષ્ટ્રીય દરિયાઈ દિવસ નિમિત્તે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મર્ચન્ટ નેવી ડેના લઘુધ્વજની પીન અર્પણ કરાઈ.
- ✓ આઈપીએલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રમાયેલી મેચમાં પંજાબે, કિંગ્સે ગુજરાત ટાઇટન્સને ત્રણ વિકેટે હરાવ્યું.

## second phase

લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે.

જોકે જમ્મુ અને કાશ્મીરની બેઠક માટેના ઉમેદવારીપત્રોની ચકાસણી છઠ્ઠી એપ્રિલે હાથ ધરાશે. 26મી એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની લોકસભાની 22, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની દરેકની આઠ આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની દરેકની પાંચ, પશ્ચિમ બંગાળ

અને છત્તીસગઢમા 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા અને જમ્મુ કાશ્મીરની દરેકની એક બેઠકની ચૂંટણી યોજાશે. મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

.................

## Election Commission

ચૂંટણી પંચ આજે સૌથી ઓછું મતદાન ધરાવતા ગુજરાત સહિત 11 રાજ્યોના મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરો અને પસંદગીના જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક યોજશે.

નવી દિલ્હીમાં યોજાનાર આ બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીમાં મતદાનની ટકાવારી વધારવાના ઉપાયો પર ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં કેટલાક શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઓછા મતદાનના મુદ્દાને ઉકેલવા માટે ચોક્કસ કાર્ય યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવશે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આ કોન્ફરન્સમાં અમદાવાદ, દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, બેંગલુરૂ, હૈદરાબાદ, પુણે, થાણે, નાગપુર, પટના સાહિબ, લખનૌ અને કાનપુરના મ્યુનિસિપલ કમિશનરો તેમજ બિહાર અને ઉત્તર પ્રદેશના જિલ્લા ચૂંટણી અધિકારીઓ હાજર રહેશે.

આ સંમેલનની અધ્યક્ષતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ કરશે. ઉલ્લેખનીય છે કે, શ્રી કુમારે અનેકવાર પ્રસંગોએ શહેરી ઉદાસીનતા અને ગ્રામીણ વિસ્તારોમાંથી સ્થળાંતરના પડકારને ઓછા મતદાનના કારણો ગણાવ્યા છે.

.................

## CONGRESS GUJARAT LIST

કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાંથી ત્રણ ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરી છે.

પાર્ટીએ વડોદરા બેઠક પરથી જશપાલસિંહ પઢિયાર, જૂનાગઢથી હીરાભાઈ જોટવા અને સુરેન્દ્રનગરથી રૂત્વિકભાઈ મકવાણાને મેદાનમાં ઉતાર્યા છે.

.................

## C.R.Patil, Congress

રાજ્યમાં લોકસભા ચૂંટણી અને વિધાનસભા પાંચ બેઠકોની પેટા ચૂંટણી સંદર્ભે રાજકીય ગતિવિધિઓ તેજ બની છે.

ગઈકાલે આણંદ ખાતે ભાજપ દ્વારા બુથ પ્રમુખ અને કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આણંદ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મિતેશ પટેલના સમર્થન અને પ્રચાર માટે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલ દ્વારા આણંદ અમૂલ ડેરી ખાતે જિલ્લામાં બુથ પ્રમુખ અને સંગઠન અધિકારીઓને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં સી.પાટિલે પૂરેપૂરું મતદાન થાય તે માટે કાર્યકરોને માઇક્રો પ્લાનિંગ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે આણંદના સાંસદ અને ઉમેદવાર મિતેશ પટેલે પણ સંગઠનના સૌ હોદ્દેદારો તથા તમામ બુથ પ્રમુખ સહિતના કાર્યકરોને જંગ બહુમતીથી જીત માટે કાર્ય કરવા હાકલ કરી હતી તથા આણંદ જિલ્લાને વિકાસના પથ પર લઈ જવા માટે થયેલા કાર્યો અને આગામી આયોજન અંગે પણ તમામ મતદારોને વાકેફ કરવા માટે જણાવ્યું હતું .

દરમિયાન અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના રાષ્ટ્રિય અધ્યક્ષા અલકા લાંબાજીએ ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષા તરીકે સુશ્રી ગીતાબેન પટેલની નિમણૂંક કરી છે. નવનિયુક્ત કાર્યકારી અધ્યક્ષા સુશ્રી ગીતાબેન પટેલને સોંપાયેલ જવાબદારીને મહિલા કાર્યકરોએ આવકારીને અભિનંદન પાઠવ્યાં છે.

.................

## First Randomisation

રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા રાજકીય પક્ષોની હાજરીમાં ગઇકાલે EVMનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું અને રેન્ડમાઇઝ્ડ EVM જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા મદદનીશ ચૂંટણી અધિકારીઓને સોંપવાની કામગીરી હાથ ધરાઈ.

વડોદરામાં લોકસભાની ચૂંટણી માટે જિલ્લા ચૂંટણી અધિકારી બીજલ શાહની ઉપસ્થિતિમાં ઈવીએમ અને વીવીપેટનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું.

કોમ્પ્યુટરાઈઝડ રેન્ડમાઈઝેશન બાદ ઈવીએમ અને વીવીપેટની વિધાનસભા બેઠક દીઠ ફાળવણી શરૂ કરવામાં આવી. શહેર જિલ્લાના 10 વિધાનસભા મત વિભાગમાં કુલ 2 હજાર 552 મતદાન મથક માટે ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દ્વારા ઈવીએમ અને વીવીપેટની ફાળવણી કરવામાં આવી.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## National Meritime Day

આજે નેશનલ મેરીટાઇમ ડે એટલે કે, રાષ્ટ્રીય દરિયાઈ દિવસ છે. રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને ગઇકાલે મર્ચન્ટ નેવી ડેના લઘુધ્વજની પીન અર્પણ કરાઈ.

61મા રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહ અંતર્ગત નેશનલ મેરીટાઇમ ડે ની ઉજવણીની પૂર્વ સંધ્યાએ વિવધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ રાજભવનમાં શ્રી દેવવ્રતને લઘુધ્વજની પીન અર્પણ કરી. શ્રી દેવવ્રતે નેશનલ મેરીટાઇમ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને ભારતના આર્થિક વિકાસમાં સમુદ્રી વ્યાપારના યોગદાન વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારતની સૌપ્રથમ સ્વદેશી સ્ટીમશીપ "એસ.એસ. લૉયલ્ટી" એ વર્ષ-1919માં પાંચમી એપ્રિલે મુંબઈથી લંડન સુધીની સૌપ્રથમ સફરની શરૂઆત કરી હતી. ભારતીય દરિયાઈ ઇતિહાસની આ ગૌરવશાળી ઘટનાની સ્મૃતિમાં 5 મી એપ્રિલે રાષ્ટ્રીય દરિયાઈ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષે દેશમાં 30 માર્ચથી 5 એપ્રિલ દરમિયાન રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. સામુદ્રિક ક્ષેત્રના વિકાસ અને દરિયાઈ સુરક્ષા સુદ્રઢ કરવાના ઉદ્દેશ્ય સાથે નેશનલ મેરીટાઈમ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે "સુદ્રઢ શિપિંગ : સંભાવનાઓ

અને સમસ્યાઓ"ની વિષયવસ્તુ સાથે સમુદ્રી વાણિજ્ય વિભાગ, કંડલા, દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલા, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, અદાણી પોર્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તથા ગુજરાતની સમુદ્રી પ્રશિક્ષણ સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે નેશનલ મેરીટાઈમ દિવસની ઉજવણી થઈ રહી છે.

..................

## IPL

આઈપીએલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રમાયેલી મેચમાં પંજાબે, કિંગ્સે ગુજરાત ટાઇટન્સને ત્રણ વિકેટે હરાવ્યું છે.

ગુજરાતે પ્રથમ બેટિંગ કરતાં નિર્ધારિત ઓવરમાં 199 રન કર્યા હતા. ગુજરાત તરફથી શુભમન ગીલે અણનમ 89 રન બનાવ્યા હતા.

200 રનનાં લક્ષ્યાંક સાથે રમવા ઉતરેલા પંજાબે શરૂઆતમાં જ શિખર ધવનની વિકેટો ગુમાવતાં રન રેટ ધીમો પડતાં મેચ ગુજરાતે જીતે તેવી સંભાવના ઊભી થઈ ગઈ હતી. પરંતુ પંજાબના શંશાક સિંઘ અને આશુતોષ શર્માએ છેલ્લી ઓવરોમાં વળતી લડત આપતા વેગીલી બેટિંગ કરી જીતની આશા જીવંત રાખી. આ અત્યંત રોમાંચક મેચમાં પંજાબે છેલ્લી ઓવરમાં લક્ષ્યાંક પૂરો કરતા તેની જીત થઈ હતી.

..................

## POLO CUP

અમદાવાદમાં આજથી પોલો કપ સ્પર્ધાનો પ્રારંભ થશે.

સાત એપ્રિલ સુધી યોજાનાર આ ટુર્નામેન્ટમાં ચાર મહિલા ખેલાડી સહિત દેશ-વિદેશના 40 જેટલા ખેલાડીઓ ભાગ લેશે.

આ સ્પર્ધા દરમિયાન વિવિધ હોર્સ ઇવેન્ટ પણ યોજાશે.

..................

## TRAIN

સુરત રેલ્વે સ્ટેશન પર નોન ઇન્ટર લોકિંગની ચાલી રહેલી કામગીરીના કારણે કેટલીક ટ્રેનો રદ કરાઈ છે.

જે મુજબ આવતીકાલે ભુજ-દાદર સયાજીનગરી એક્સપ્રેસ વડોદરા સ્ટેશન પર અટકાવી દેવાશે. આ ટ્રેન વડોદરા-દાદર વચ્ચે રદ રહેશે. સાત એપ્રિલે દાદર-ભુજ સયાજીનગરી એક્સપ્રેસ વડોદરાથી ઉપડશે. દાદર-વડોદરા વચ્ચે રદ રહેશે.

આ ઉપરાંત સાત એપ્રિલે અમદાવાદ-મુંબઈ-અમદાવાદ તેજ એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

.................

## Coast Guard rescue

ભારતીય તટરક્ષકદળના જવાનોએ ખંભાતના અખાતમાં દરિયાકાંઠેથી 50 કિલોમીટર દૂર, પુષ્કર રાજ નામની ભારતીય માછીમારી બોટમાંથી ઇજાગ્રસ્ત અને 37 વર્ષના ગંભીર રીતે ઘાયલ માછીમારને સલામત રીતે હોસ્પીટલ પહોંચાડ્યો છે.

પીપાવાવ ખાતેના તટરક્ષકદળના કેન્દ્રને ઇજાગ્રસ્ત માછીમાર અંગે માહીતી મળતાં તટરક્ષકદળના જવાનોએ ઘટના સ્થળે પહોંચીને ડાબા પગમાં ફ્રેક્ચર થયેલા માછીમારને મેડિકલ ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપી હતી ત્યારપછી તેને સરકારી હોસ્પિટલમાં ખસેડીને સારવાર આપવામાં આવી રહી છે.

.................

## WEATHER

રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થતા ગરમીમાં રાહત મળી છે.

ગઇકાલે રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન 38 ડિગ્રી કે તેથી ઓછું નોંધાયું છે. સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન રાકોટ ખાતે નોંધાયું હતું. આ સાથે અમદાવાદ, સુરેન્દ્રનગર, અમરેલી, કંડલા એરપોર્ટ ખાતે 38 ડિગ્રી વડોદરા, સુરત, ભાવનગર ખાતે 37 ડિગ્રી ડીસા ખાતે 36 ડિગ્રી અને કેશોદ ખાતે 35 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે.

તાપમાન ઘટતા લોકોને ગરમીથી રાહત મળી છે. ઉપરાંત ગઇકાલે રાજ્યના વિવિધ વિસ્તારોમાં છુટા-છવાયા વાદળોના કારણે ગરમીમાં ઘટાડો થયો છે.

.................

## NMMS Exam - Chhota Udepur

છોટાઉદેપુર જિલ્લાના ૧૮ પરીક્ષા કેન્દ્રો પર આગામી સાતમી એપ્રિલે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા - NMMS 2023-24 યોજાશે.

અમારા છોટાઉદેપુર જિલ્લાના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, જિલ્લાના બોડેલી, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી અને સંખેડા તાલુકાના કુલ 4 હજાર 834 પરિક્ષાર્થીઓ આ પરીક્ષા આપશે. મેરીટમાં આવનાર 72 વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળશે.

.................